PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ-મેઈલ :- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૯/કવા-૦૪/૧૬-૧૭/ ૧૨૩૯ તા. ૧૩/૦૨/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ચીનાભાઈ મસરીભાઈ પરમાર,
ગામ: કણજોતર,
તા.: સુત્રાપાડા
જી. ગીર – સોમનાથ

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૬–૦૧–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૯/કવા–૦૪/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ., 

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 2)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વેરાવળ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,પ્રાચી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06 [A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)


**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com


| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૧૯/કવા–૦૪/૧૬–૧૭ | કમિટિ મીટીગ તા.૧૦–૦૨–૧૭ | સ્થળ :જુનાગઢ |

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: ચીનાભાઈ મસરીભાઈ પરમાર, ગામ: કણજોતર,

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, પ્રાચી (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વેરાવળ)

રજુઆત કરનાર :ડી.વી.લાખાણી, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી વેરાવળ

---

## : હુકમ :

---

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેઓ શ્રી ના ગામ:કણજોતર ખાતે આવેલ ઘરવપરાશ વીજજોડાણ નં.: ૬૧૫૫૧/૦૦૦૩૭/૭ નુ મકાન ઘણુ જ નાનુ છે, અને વીજભાર પણ ૫૦૦ વોટ થી વધુ નથી. તેમ છતા, તેમના આ જોડાણ મા, પીજીવીસીએલ તરફથી તાજેતર મા ૨૯૧૦ યુનીટ નુ રૂ.૨૪,૪૦૧/૧૭ નુ જે વીજબીલ અપાયેલ છે. તે યોગ્ય અને વ્યાજબી ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી નુ ગામ:કણજોતર ખાતે આવેલ ઘરવપરાશ વીજજોડાણ નં.: ૬૧૫૫૧/૦૦૦૩૭/૭ નુ સવાલવાળુ જુનુ એલએન્ડજી કંપની ના મીટર નંબર: પીએમજીવી ૨૦૧૩૨૯૯, મીટર તા.૦૭–૦૧–૧૭ ના રોજ, સ્થળ પરથી ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. આ સમયે મીટર મા છેલ્લા રીડીગ ૫૯૯૮ જણાયેલ હતા. આ સમયે નવુ એચપીએલ કંપની નુ મીટર નંબર: ૦૩૧૩૨૨૮૪ જે શરૂઆતના ૦૦૦૦ રીડીગ થી લગાડવામા આવેલ હતુ. ત્યારબાદ, સદર સવાલવાળા જુના મીટર ને પીજીવીસીએલ ની લેબોરેટરી મા ચકાસણી કરવામા આવતા મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ, અને તેમા છેલ્લા રીડીગ ૫૯૯૮ નોંધાયેલ હતા. |
| ૨.૨ | ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતેની, સદર મીટર ની લેબોરેટરી ચકાસણી દરમ્યાન મીટર મા જણાયેલ છેલ્લા ૫૯૯૮ રીડીગ માથી, અગાઉ ના માહે જુલાઈ–ઓગષ્ટ–૧૬ ના વાસ્તવિક રીડીગ દરમ્યાન જણાયેલ છેલ્લા ૨૩૬૬ યુનીટ બાદ કરતા (૫૯૯૮ યુનીટ – ૨૩૬૬ યુનીટ = ૩૬૩૨ યુનીટ) ૩૬૩૨ યુનીટ નુ વીજબીલ, ખરેખર જે આપવા પાત્ર થતુ હતુ. તેને બદલે તે સમયે ઉપલબ્ધ બીલીગ રેકર્ડ મુજબ, (૫૨૭૬ યુનીટ – ૨૩૬૬ યુનીટ = ૨૯૧૦ યુનીટ) ૨૯૧૦ યુનીટ નુ, તા.૨૩–૧૧–૧૬ ના રોજ નુ, ફરીયાદી અરજદાર શ્રી ને જે માહે સપ્ટેમ્બર–ઓકટોબર–૧૬ નુ સવાલવાળુ વીજબીલ અપાયેલ છે. તે નિયમાધીન યોગ્ય છે. |
| ૨.૩ | સદર જોડાણ નો બીલીગ ઇતિહાસ, એટલેકે પી.આર.ટી.–૧૪૫ અભ્યાસે લેતા, અરજદાર શ્રી ને સદર જોડાણ મા અગાઉ માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૧ થી માહે સપ્ટેમ્બર–ઓકટોબર–૧૩ સુધી ના કુલ ૧૨ દ્રીમાસીક બીલીગ સમયગાળા મા '' ફોલ્ટી મીટર સ્ટેટસ '' હેઠળ નુ, કુલ ૭૭૦ યુનીટ નુ બીલીગ થયેલ હતુ. ત્યારબાદ, માહે નવેમ્બર –ડિસેમ્બર–૧૩ અને માહે જાન્યુ.–ફેબ્રુઆરી–૧૪ ના કુલ ૦૨ સમયગાળા દરમ્યાન, કુલ ૨૮૦ યુનીટ વાસ્તવિક રીડીગ નુ બીલીગ થયેલ છે. ત્યારબાદ, ફરી પાછુ માહે માર્ચ–એપ્રીલ–૧૪ થી માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી–૧૬ સુધી ના કુલ ૧૨ દ્રીમાસીક બીલીગ સમયગાળા દરમ્યાન, કુલ "ફોલ્ટી મીટર સ્ટેટસ '' હેઠળ નુ, કુલ ૧૨૯૦ યુનીટ નુ બીલીગ થયેલ હતુ. ત્યારબાદ, માહે માર્ચ–એપ્રીલ–૧૬ થી માહે જુલાઈ–ઓગષ્ટ–૧૬ સુધી ના કુલ ૦૩ સમયગાળા મા, કુલ ૧૦૮ યુનીટ નુ વાસ્તવિક રીડીગ નુ બીલીગ થયેલ છે. અને આમ, ઉપરોકત સમયગાળા, એટલેકે માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૧થી માહે જુલાઈ–ઓગષ્ટ–૧૬ સુધી ના, કુલ ૨૯ દ્રીમાસીક વીજબીલો બાદ, ૩૦ મુ દ્રીમાસીક બીલીગ,એટલેકે સવાલવાળુ માહે સપ્ટેમ્બર–ઓકટોબર–૧૬ નુ, ૨૯૧૦ યુનીટ ની રકમ રૂ.૧૯,૯૯૨/૪૨ નુ, તા.૨૩–૧૧–૧૬ ના રોજ બીલીગ થયેલ છે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૬૧૫૫૧/૦૦૦૩૭/૭ (૦.૫ કીવો) મા, પીજીવીસીએલ તરફથી, હાલ ના તબ્બકે, સવાલવાળુ માહે સપ્ટેમ્બર–ઓકટોબર–૧૬ નુ, ૨૯૧૦ યુનીટ ની રકમ રૂ.૧૯,૯૯૨/૪૨ નુ, તા.૨૩–૧૧–૧૬ ના રોજ, જે બીલીગ થયેલ છે, તે બીલીગ, જે પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે ના, સવાલવાળા જુના મીટર મા, લેબોરેટરી ચકાસણી દરમ્યાન જણાયેલ તાંત્રીક રીતે યોગ્યતા હોવાની સ્થિતી ને અનુલક્ષીને છે. લેબોરેટરી ચકાસણી દરમ્યાન સદર મીટર મા છેલ્લા રીડીગ ૫૯૯૮ જણાયેલ છે. |
| **૩.૨** | પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં.૨.૨ મુજબ ની વિગતે, અત્રેના ફોરમ સમક્ષ રજુ કરાયેલ, સદર જોડાણ ના બીલીગ ઈતિહાસ ની વિગતો અભ્યાસે લેતા, ફોરમ કમિટી ને સદર કેઈસ, જે – અગાઉ ના, માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૧ થી જુલાઈ–ઓગષ્ટ–૧૬ સુધી ના, કુલ ૨૯ દ્રીમાસીક વીજબીલો, તેમજ સવાલવાળા માહે સપ્ટેમ્બર–ઓકટોબર–૧૬ ના ૦૧ વીજબીલ , એમ કુલ ૩૦ દ્રીમાસીક દરમ્યાન ના, અગાઉ ના ચડત / પડતર યુનીટ નો કેઈસ હોવાની બાબત રેકર્ડ આધારીત રીતેનો સ્પષ્ટ કેઈસ હોવાનુ જણાયેલ છે. જેથી, સદર સવાલવાળા માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૬ ના બીલીગ સમયે, એટલેકે લેબોરેટરી મા જણાયેલ ખરેખર છેલ્લા રીડીગ ૫૯૯૮ યુનીટ માથી, અગાઉ ના માહે નવેમ્બર –ડિસેમ્બર– –૧૧ ના, છેલ્લા રીડીગ ૧૪૪૫ યુનીટ બાદ કરતા, બાકી રહેતા (૫૯૯૮ યુનીટ – ૧૪૪૫ યુનીટ = ૪૫૫૩ યુનીટ) ૪૫૫૩ યુનીટ, તેમજ સદર ૪૫૫૩ યુનીટ માથી, સદર જોડાણ ના બીલીગ રેકર્ડ મા, માહે નવેમ્બર –ડિસેમ્બર– –૧૧ થી માહે જુલાઈ–ઓગષ્ટ–૧૬ સુધી ના – અગાઉ ના અપાયેલ વીજબીલ યુનીટ બાદ કરવાની બાબત, જે ફોરમ કમિટી ને પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય તેમજ ન્યાયિક રીતે વ્યાજબી જણાયેલ છે. |
| **૩.૩** | આમ, ઉપરોકત મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતે ના, સદર જોડાણ ના મીટર મા, વસુલાત પાત્ર એવા લેબોરેટરી મા છેલ્લા જણાયેલ ૫૯૯૮ યુનીટ અન્વયે, આખરી વસુલાત પાત્ર એવા ૪૫૫૩ યુનીટ માથી, સદર જોડાણ ના અગાઉ ના, કુલ ૨૯ દ્રીમાસીક બીલીગ સમયગાળા ના – ( (૧) માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૧ થી માહે સપ્ટેમ્બર–ઓકટોબર–૧૩ સુધી ના કુલ ૧૨ દ્રીમાસીક બીલીગ સમયગાળા મા '' ફોલ્ટી મીટર સ્ટેટસ '' હેઠળ નુ, કુલ ૭૭૦ યુનીટ (૨) માહે નવેમ્બર –ડિસેમ્બર–૧૩ અને માહે જાન્યુ.–ફેબ્રુઆરી–૧૪ ના કુલ ૦૨ સમયગાળા દરમ્યાન, કુલ ૨૮૦ યુનીટ વાસ્તવિક રીડીગ યુનીટ (૩) માહે માર્ચ–એપ્રીલ–૧૪ થી માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી–૧૬ સુધી ના કુલ ૧૨ દ્રીમાસીક બીલીગ સમયગાળા દરમ્યાન, કુલ "ફોલ્ટી મીટર સ્ટેટસ '' હેઠળ નુ, કુલ ૧૨૯૦ યુનીટ (૪) માહે માર્ચ–એપ્રીલ–૧૬ થી માહે જુલાઈ–ઓગષ્ટ–૧૬ સુધી ના કુલ ૦૩ સમયગાળા મા, કુલ ૧૦૮ યુનીટ નુ વાસ્તવિક યુનીટ રીડીગ ના – કુલ ૭૭૦ + ૨૮૦ + ૧૨૯૦ + ૧૦૮ = ૨૪૪૮ યુનીટ ) ૨૪૪૮ યુનીટ બાદ કરતા, આખરી રહેતા એવા ( ૪૫૫૩ યુનીટ – ૨૪૪૮ યુનીટ = ૨૧૦૫ યુનીટ) ૨૧૦૫ યુનીટ ની, જે આખરી ગણતરી એ જ આપવા પાત્ર છે. જેથી, સદર સવાલવાળુ, માહે સપ્ટેમ્બર–ઓકટોબર–૧૬ ના ૨૧૦૫ યુનીટ ને, અગાઉ ના માહે નવેમ્બર –ડિસેમ્બર–૧૩ થી માહે સપ્ટેમ્બર–ઓકટોબર–૧૬ સુધી ના કુલ ૩૦ વીજબીલો મા વિભાજીત કરવા જરૂરી છે. આમ થતા, પ્રત્યેક વીજબીલ ( ૨૧૦૫ ÷ ૩૦ = ૭૦ યુનીટ )૭૦ યુનીટ નુ બનશે. આમ, માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૩ થી માહે સપ્ટેમ્બર–ઓકટોબર–૧૬ સુધી ના રીવાઇઝ થયેલ કુલ ૩૦ વીજબીલો, જે પ્રત્યેક બીલ ૭૦ યુનીટ ના, ૭૦ યુનીટ ની ગણતરીએ, જે તે સમયે પ્રવર્તમાન ટેરીફ મુજબ ના જ, ૩૦ વીજબીલો ના સુવ્યવસ્થિત ગણતરીપત્ર હેઠળ બનાવી, અને તે મુજબ નુ સુવ્યવસ્થિત ગણતરીપત્રક, જે ખાસ પત્ર મારફત અરજદાર શ્રી ને, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, દિન–૧૦ મા, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ને પીજીવીસીએલ તરફથી અપાયેલ અને આખરી ગણતરી મુજબ, લેણા રહેતા એવા માહે સપ્ટેમ્બર–ઓકટોબર–૧૬ ના ૨૧૦૫ યુનીટ ને – અગાઉ ના માહે નવેમ્બર –ડિસેમ્બર–૧૩ થી માહે સપ્ટેમ્બર–ઓકટોબર–૧૬ સુધી ના કુલ ૩૦ વીજબીલો મા વિભાજીત કરી – જે વિભાજન મુજબ પ્રત્યેક વીજબીલ ( ૨૧૦૫ ÷ ૩૦ = ૭૦ યુનીટ )૭૦ યુનીટ નુ બનશે. આમ, માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૩ થી માહે સપ્ટેમ્બર–ઓકટોબર–૧૬ સુધી ના, પ્રત્યેક વીજબીલ મુજબ, ૭૦ યુનીટ ની ગણતરીએ રીવાઇઝ થયેલ કુલ ૩૦ વીજબીલો – જે પ્રત્યેક બીલ ૭૦ યુનીટ ના, ૭૦ યુનીટ ની ગણતરીએ – જે તે સમયે પ્રવર્તમાન ટેરીફ મુજબ ના જ, ૩૦ વીજબીલો ના સુવ્યવસ્થિત ગણતરીપત્ર હેઠળ બનાવી, અને તે મુજબ નુ સુવ્યવસ્થિત ગણતરીપત્રક, જે ખાસ પત્ર મારફત અરજદાર શ્રી ને, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, દિન–૧૦ મા, આપવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેક્નીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ** લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..